આકાશવાણી, અમદાવાદ

17-10-2025 Midday: 2.30 to 2.40 pm

Friday Regional News

1. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નવા મંત્રીમંડળના સભ્યોને શપથ લેવડાવ્યા
2. હર્ષ સંઘવીએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા
3. દિવાળીને લઈ દેવભૂમિ દ્વારકાના જગતમંદિરના સમયમાં ફેરફાર
4. અંબાજીના યાત્રિકો માટે નવી સુવિધા શરૂ – શક્તિદ્વાર પાસે અંબાજી તીર્થ દર્શનનું કાર્યાલય તૈયાર કરાયું
5. દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

---

## GUJARAT CABINET SHAPATH

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે રાજ્યના નવા મંત્રીમંડળના સભ્યોનો શપથ સમારોહ યોજાયો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મંત્રી પરિષદમાં આજે એક નાયબ મુખ્યમંત્રી, પાંચ કેબિનેટ મંત્રી, ત્રણ સ્વતંત્ર હવાલા ધરાવતા રાજ્યમંત્રી અને 12 રાજ્યમંત્રી એમ કુલ 21 મંત્રીને શપથ લેવડાવ્યા. આ પ્રસંગે હર્ષ સંઘવીએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

આ પ્રસંગે જીતુ વાઘાણી, નરેશ પટેલ, ડૉક્ટર પ્રદ્યુમન વાજા, રમણ સોલંકી, અર્જુન મોઢવાડિયાએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા. જ્યારે ઈશ્વરસિંહ પટેલ, પ્રફૂલ પાનશેરિયા અને મનિષા વકીલે સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા.

તો કાંતિ અમૃતિયા, રમેશ કટારા, દર્શના વાઘેલા, કૌશિક વેકરિયા, સંજયસિંહ મહિડા, સ્વરૂપજી ઠાકોર, પૂનમચંદ બરંડા અને રિવાબા જાડેજાએ રાજ્યમંત્રી તરીકે શપથગ્રહણ કર્યાં.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા.

આ પહેલા મુખ્યમંત્રીએ સવારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે મુલાકાત કરી હતી. દરમિયાન શ્રી પટેલે રાજ્યના મંત્રીમંડળની વર્તમાન સ્થિતિ અંગે રાજ્યપાલશ્રીને માહિતગાર કર્યા. તેમજ રાજ્યપાલશ્રી પાસેથી મંત્રીમંડળના સભ્યોની શપથવિધિ યોજવા અનુમતિ માગી.

. . . . . . . . . . . . .

## PRAFUL PANSERIYA

ગુજરાત રાજ્ય મંત્રી પરિષદમાં સુરતના નેતાપ્રફુલ પાનસેરિયાને ફરી સ્થાન મળતાં સમગ્ર શહેરમાં ખુશી અને ઉત્સાહનો માહોલ છવાઈગયો હતો. મંત્રીમંડળની યાદી જાહેર થતા જ શ્રી પાનસેરિયાનાસમર્થકો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ આનંદોત્સવ ઉજવ્યો. કાર્યકર્તાઓએ મંત્રીએના ફોટા સાથે નારા લગાવી આનંદ વ્યક્તકર્યો હતો.

સ્થાનિક નેતાઓએ જણાવ્યું કે પ્રફુલ પાનસેરિયાનીફરીથી મંત્રી તરીકેની નિમણૂક સુરત માટે ગૌરવની બાબત છે. તેઓ હંમેશા લોકકલ્યાણ અનેવિકાસકાર્ય માટે પ્રતિબદ્ધ રહ્યા છે. તેમના મંત્રિત્વમાં સુરતને અનેક નવી યોજનાઓઅને પ્રોજેક્ટનો લાભ મળશે તેવી અપેક્ષા કાર્યકર્તાઓ રાખી રહ્યા છે.

. . . . . . . . . . . . .

## Morbi Celebration

મોરબી માળિયાના ધારાસભ્ય કાંતિ અમૃતિયાને મંત્રી પરિષદમાં સ્થાન મળતા મોરબીમાં ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવી. શહેર ભાજપની કચેરી પાસે ઢોલ નગારા વગાડી ઉજવણી કરવામાં આવી.

. . . . . . . . . . . . .

## DWARKA MANDIR TIME CHANGE

દેવભૂમિદ્વારકા જિલ્લાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ જગત મંદિરમાં દિવાળીના તહેવારને લઈ 19થી 23 તારીખ સુધી દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે.જેમાં 19મી ધંતેરાસના દિવસે શ્રીજી દર્શન નિત્યા ક્રમ મુજબ કરી શકાશે. 20મી એ મંગલા આરતી સવારે સાડા પાંચ વાગ્યે કરવામાં આવશે. દિવાળીના દિવસે અન્નકૂટ દર્શન નિત્યક્રમ મુજબ રહેશે . હાટડી દર્શન સાંજે સવા આઠ વાગ્યે અને શયન આરતી રાત્રે પોણા દસ વાગ્યે થશે. 22 મીએ નુતનવર્ષના દિવસે તમામ દર્શન નિત્યક્રમ મુજબ થઈ શકશે. 23 મીએ ભાઈબીજના દિવસે મંગલા આરતી સવારે 7 વાગ્યે થશે અને અન્ય તમામ ક્રમ નિત્ય ક્રમ રહેશે .

. . . . . . . . . . . . .

## AMBAJI TIRTH DARSHAN

અંબાજી આવનાર યાત્રિકો માટે નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. જિલ્લા કલેકટર મિહિર પટેલે અંબાજી તીર્થ દર્શન સર્કિટ નામની આ સુવિધાની શરૂઆત કરાવી.

આ સુવિધા અંતર્ગત શક્તિદ્વાર પાસે અંબાજી તીર્થ દર્શનનું કાર્યાલય તૈયાર કરાયું છે અને અહીથી યાત્રિકો સમગ્ર અંબાજી તીર્થનાં મહાત્મ્ય અને ધર્મસ્થાનોની વિગતો ઓડિયો વિઝ્યુઅલ સ્વરૂપમાં મેળવી શકશે. આ સાથે સુશિક્ષિત ગાઈડની મદદથી સર્વાંગી અંબાજી તીર્થધામના દર્શન પણ કરી શકાશે.

શ્રી અંબાજી મંદિરથી આ સર્કિટનો આરંભ થશે અને કોટેશ્વરમાં પૂર્ણાહુતિ થશે. યાત્રિકો સરળતાથી આ સર્કિટનો લાભ મેળવી શકે એ માટે અંબાજી શક્તિદ્વાર પાસે પ્રવાસન માહિતી કેન્દ્ર ઉભું કરવામાં આવી રહ્યું છે ત્યાંથી યાત્રિકો આ સર્કિટ અંગે માહિતગાર થશે અને નોંધણી કરાવી શકશે.

.................................

## STATE WEATHER

હવામાન ખાતાએ રાજ્યમાં આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ સિવાયના જિલ્લાઓમાં વાતાવરણ સુકું રહેવાની શક્યતા છે. આ સાથે જ રાજ્યમાં મહત્તમ તાપમાન 36 અને લઘુત્તમ તાપમાન 23 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.

બીજી તરફ, રાજ્યમાં ગત 24 કલાકમાં માત્ર 10 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. તેમાં પણ સૌથી વધારે દોઢ ઈંચથી વધુ વરસાદ તાપીના ડોલવણ તાલુકામાં નોંધાયો છે. જ્યારે નવસારીના ગણદેવીમાં સવા એક ઈંચ જેટલો વરસાદ થયો છે.

. . . . . . . . . . . .

## MORBI PATROLING

મોરબીમાં દિવાળીના પર્વને લઈ પોલીસ દ્વારા કોમ્બિંગ અને ફૂટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું છે. શનાળા રોડ, બાયપાસ, ઉમિયા સર્કલ સહિતના વિસ્તારોમાં હાથ ધરાયેલી આ કામગીરીમાં ટ્રાફિક નિયમોના ભંગ કરતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હોવાનું નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલાએ જણાવ્યું.

. . . . . . . . . . . .

## DIWALI KHARIDI

પ્રકાશના પર્વ દિવાળીના તહેવારને લઈ રાજ્યભરની બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. તારામંડળ સહિતના અવનવા ફટાકડાએ લોકોમાં આકર્ષણ જમાવ્યું છે. દિવાળીને લઈ વિવિધ પ્રકારના દિવડાઓની પણ ધૂમ ખરીદી થઈ રહી છે. અમદાવાદની બજારમાં ખરીદી કરવા આવેલી એક બાળકીએ પ્રતિક્રિયા આપી.

. . . . . . . . . . . .

## AMTS FREE SERVICE

અમદાવાદમાં ચાલતી અમદાવાદ મહાનગર પરિવહન સેવા- AMTSમાં લોકો આવતીકાલથી 20 ઓક્ટોબર ત્રણ દિવસ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી અને સ્વદેશી ઝૂંબેશ હેઠળ ખરીદીને પ્રોત્સાહન આપવા આ જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

## AMDAVAD FIRE

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં ભીડભંજન બજારમાં આજે વહેલી સવારે 14 દુકાનમાં આગનો બનાવ બન્યો હતો. મળતી માહિતી મુજબ, એક દુકાનમાં લાગેલી આગ આજુબાજુની દુકાનમાં પ્રસરી જતાં 14 જેટલી દુકાન આગના સંપર્કમાં આવી ગઈ હતી. આ અંગે જાણ થતાં અગ્નિશમન દળની આઠ ગાડી સાથે અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ ઘટના બાદ વેપારીઓને મોટું નુકસાન થયું છે. જ્યારે સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

આ અંગે પ્રભાગીય અગ્નિશમન દળના અધિકારી રમિશગિરિએ કહ્યું, સવારે પાંચ વાગ્યે આગનો સંદેશ મળતાં ગોમતીપુર અગ્નિશમન મથકની આઠ ગાડીએ ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

. . . . . . . . . . . .

## MEHSANA INSURANCE

મહેસાણાના અધિક જિલ્લા કલેક્ટર જશવંત જગોડાએ પોતાના તાબાના વર્ગ -3 અને 4 ના 75 કર્મચારીઓને અકસ્માત વીમો આપ્યો છે. તે અંતર્ગત કોઈ કર્મચારીનું આકસ્મિક મૃત્યુ થાય તો તેના પરિવારને 10 લાખ રૂપિયા મળશે. આ નિર્ણયથી કર્મચારીઓના પરિવારમાં આનંદની લાગણી જોવા મળી છે.

. . . . . . . . . . . .

## PATAN VACCINATION

રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત પાટણ જિલ્લામાં ગાય અને ભેંસ સંવર્ગના તમામ પશુઓમાં ખરવા મોવાસાનું રસીકરણ અભિયાન હાથ ધરાયું છે. જેમાં અત્યાર સુધીમાં 72 ટકા કામગીરી પૂર્ણ થઈ છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં કુલ પાંચ લાખ 75 હજાર પશુઓની સામે 5 લાખ 29 હજાર 900 પશુઓનો લક્ષ્યાંક અપાયો છે. જેની સામે એક લાખ ગાય અને બે લાખ 82 હજાર 407 જેટલી ભેંસ મળીને ત્રણ લાખ 82 હજાર પશુઓનું ખરવા-મોવાસા રસીકરણ પૂર્ણ કરાયું છે.

. . . . . . . . . . . .

## TAPI – SANKALAN BETHAK

તાપીમાં જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં પડતર અરજીઓ, નિવૃત કર્મચારીઓના પેન્શન કેસ, એજી ઓડિટ પારા, સરકારી નાણાની વસૂલાત, તકેદારી આયોગની અરજી, ઈ સરકાર પોર્ટલની કામગીરીની અમલવારી અંગે તેમજ સાંસદ અને ધારાસભ્યની રજૂઆત જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે સમિક્ષા કરવામાં આવી હતી.
બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ સરકારી નાણાની સમયસર વસૂલાત સુનિશ્ચિત કરવા, સાંસદ ધારાસભ્યના પ્રશ્નોનો સમયસર ઉકેલ કરવા અને નાગરિકોની સમસ્યાના ઉકેલ લાવવા અંગે સૂચન આપવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . .